# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-06-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

****************************************************

1) અમદાવાદ વિમાન દુર્ઘટના પ્રભાવિત ન્યૂ મેન્ટલ કેમ્પસમાં આરોગ્ય અને શૈક્ષણિક સંકૂલ બનશે - પ્રથમ વરસીએ વિવિધ કાર્યક્રમ યોજાયા.

2) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરાના કરજણમાં હિટાચી એનર્જીની પાવર ટ્રાન્સફોર્મર ફેક્ટરીનું ખાતમુહૂર્ત કર્યું.

3) 319 કરોડ રૂપિયાની સાયબર છેતરપિંડી મામલે ગીર સોમનાથ જિલ્લામાંથી પાંચ આરોપીની ધરપકડ.

4) ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લામાં આજે હળવાથી મધ્યમ વરસાદની આગાહી.

5) હોંગકોંગમાં યોજાયેલી એશિયન ચેમ્પિયનશીપમાં રાજપીપળાની ફલક વસાવાએ પાંચમું સ્થાન મેળવ્યું.

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# AHMEDABAD PLANE CRASH

અમદાવાદ વિમાન દુર્ઘટનાની આજે પ્રથમ વરસી છે. ગયા વર્ષે આજ દિવસે બપોરે એરઇન્ડિયાનું વિમાન ઉડાન ભર્યાની થોડી જ ક્ષણોમાં મેઘાણીનગર વિસ્તારમાં દુર્ઘટના ગ્રસ્ત થયું. આ ઘટનામાં વિમાનમાં સવાર 241 અને અન્ય 19 સહિત કુલ 260 લોકોનાં મોત થયા હતા. આજે મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ તંત્રે તે સમયે કરેલી કામગીરીની વિગતો આપી.

**(BYTE: BANCHHANIDHI PANI, MUNICIPAL COMMISSIONER)**

વિમાન દુર્ઘટનામાં બી.જે. મેડિકલ કોલેજના 4 વિદ્યાર્થીઓના પણ મોત થયા હતા ત્યારે ઘટનાને એક વર્ષ પૂર્ણ થતા દિવંગતોને બી.જે.મેડિકલ કોલેજમાં શ્રદ્ધાંજલિ આપવાની સાથે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રી દર્શનાબેન વાઘેલા, મેયર હિતેશ બારોટ, સાંસદ દિનેશ મકવાણા સહિત જુનિયર તબીબો પણ હાજર રહ્યા. આ પ્રસંગે વિશેષ રકતદાન શિબિર પણ યોજાઇ હતી.

# PANSHERIYA NEW CAMPUS

અમદાવાદ વિમાન દુર્ઘટના પ્રભાવિત ન્યૂ મેન્ટલ કેમ્પસમાં 547 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે આરોગ્ય અને શૈક્ષણિક સંકૂલ બનશે. દુર્ઘટનાની પ્રથમ વરસીએ આજે આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ આ જાહેરાત કરી હતી. તેમણે ઉમેર્યું આ બંને પ્રોજેક્ટ્સ પૂર્ણ થયા બાદ ન્યૂ મેન્ટલ કેમ્પસ રાજ્યના અગ્રણી આરોગ્ય, સંશોધન અને મેડિકલ શિક્ષણ કેન્દ્ર તરીકે નિર્માણ પામશે, જે વિદ્યાર્થીઓ, આરોગ્યકર્મીઓ તેમજ સામાન્ય નાગરિકોને આધુનિક સુવિધાઓ પ્રદાન કરશે.

**(BYTE: PRAFUL PANSHERIYA, MINISTER OF STATE FOR HEALTH)**

# CM HITACHI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે વડોદરાના કરજણમાં હિટાચી એનર્જી દ્વારા અંદાજે 2 હજાર કરોડના રોકાણ સાથે સ્થપાનાર નવી પાવર ટ્રાન્સફોર્મર ફેક્ટરીનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે તેમણે રાજ્યની ઉર્જા સુરક્ષા અંગે વાત કરતા જણાવ્યું હતું કે, કચ્છના ખાવડામાં આકાર લઈ રહેલો 37 ગીગાવોટનો રિન્યુએબલ હાઇબ્રિડ પાર્ક પૂર્ણ થતા ગુજરાત દેશની ઉર્જા રાજધાની બની જશે. શ્રી પટેલે ઉમેર્યું કે, ગુજરાત આજે વિશ્વભરના ઉદ્યોગકારો માટે રોકાણનું મનપસંદ સ્થળ બન્યું છે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, 'વિકસિત ભારત 2047'ના સંકલ્પને સાકાર કરવામાં આત્મનિર્ભર ઉર્જા અર્થતંત્ર દ્વારા ગુજરાત મહત્વનું યોગદાન આપશે.

# PM-12 YEARS-DISTRICT

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સફળ નેતૃત્વના 12 વર્ષની ઉજવણી રૂપે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં જનલક્ષી કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

તે અંતર્ગત ખેડા જિલ્લાના માતર તાલુકાના લીંબાસી ગામે પ્રાથમિક શાળામાં સાંસદ દેવુસિંહ ચૌહાણ તથા કલેક્ટર એન.વી. ઉપાધ્યાયની ઉપસ્થિતિમાં જન કલ્યાણ શિબિર યોજાઇ.

સુરેન્દ્રનગર જિલ્લામાં સુરસાગર ડેરીથી પ્રગતિ પથ યાત્રાનું આયોજન કરાયું. આ ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આજથી 20 જૂન દરમિયાન જનકલ્યાણ શિબિર યોજાશે.

દમણ ભાજપા દ્વારા પત્રકાર પરિષદ યોજાઇ જેમાં જનકલ્યાણકારી યોજનાઓની માહિતી અપાઈ.

ગીર સોમનાથ જિલ્લાના બાદલપરા ગામે રકતદાન શિબિર યોજાઇ. 300 યુનિટ રક્ત એકત્ર કરાયું.

# GKS MOU

ગુજરાત નોલેજ સોસાયટી -GKS અને અમેરિકાની વૈશ્વિક અગ્રણી કંપની 'BENTLEY SYSTEMS' વચ્ચે સમજૂતી કરાર-MOU થયા છે. જેનાથી રાજ્યની તમામ 16 સરકારી ઈજનેરી અને 31 સરકારી પોલિટેકનિક કોલેજના 14 હજાર 800થી વધુ વિદ્યાર્થીઓ અને 300થી વધુ અધ્યાપકોને નિઃશુલ્ક આધુનિક ટેકનોલોજીનું જ્ઞાન મળશે. સરકાર પર કોઈપણ પ્રકારના નાણાકીય ભારણ વિના વિદ્યાર્થીઓને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વોટર નેટવર્ક અને ડિજિટલ ટ્વીન જેવા ક્ષેત્રોમાં અદ્યતન પ્રેક્ટિકલ તાલીમ અપાશે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

---------------------------------------------------------------------------

**DESK**

# GIRSOMNATH CYBER FRAUD

ગીર સોમનાથ જિલ્લામાં અંદાજે 319 કરોડ રૂપિયાની સાયબર છેતરપિંડી સામે આવી છે. ઓપરેશન મ્યૂલ હન્ટના બીજા તબક્કા જિલ્લા સાયબર પોલીસે જિલ્લાના વિવિધ બેંક ખાતામાં કરેલી તપાસ બાદ આ સમગ્ર મામલો સામે આવ્યો. સમન્વય અને NCCRP પોર્ટલ પરની ફરિયાદોના વિશ્લેષણ દરમિયાન કેટલાક શંકાસ્પદ ખાતાધારકો દ્વારા પોતાના ખાતાઓ ભાડે આપી બદલામાં કમિશન મેળવવામાં આવતું હોવાનું બહાર આવ્યું.

તપાસમાં બેન્ક ઓફ ઇન્ડિયાના એક ખાતામાં કુલ 193 ફરિયાદો સાથે સંકળાયેલા અંદાજે 282 કરોડના જ્યારે કેનરા બેન્કના એક ખાતામાં કુલ 97 ફરિયાદો સાથે સંકળાયેલા અંદાજે 37 કરોડના શંકાસ્પદ વ્યવહારો સામે આવ્યા હતા. આ મામલે  પાંચ આરોપીની ધરપકડ પણ કરવામાં આવી છે.

# DGP MEET

રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિકની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતેથી એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. જેમાં તેમણે રાજ્યભરના પોલીસ અધિકારીઓને ખાનગી CCTV કેમેરાને પોલીસ સર્વેલન્સ માળખા સાથે સાંકળવાની કામગીરી ગતિશીલ બનાવવા આદેશ આપ્યા હતા. તેમણે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં રીઅલ-ટાઇમ સર્વેલન્સ ક્ષમતા વધારવા, ગુનાઓ શોધી કાઢવા અને તપાસને વધુ સચોટ બનાવવા માટે લોક સહયોગથી CCTV નેટવર્કનો વ્યાપ વધારવા પર વિશેષ ભાર મૂક્યો.

# ARVALLI PM 12 YEARS

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારના 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓ સરકાર પ્રત્યે આભાર માની રહ્યા છે. અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે છેલ્લા સાત વર્ષથી સોડાની લારી ચલાવતા તુલસીરામ લોહારે જણાવ્યું કે અગાઉ ધંધા માટે તેમને ઊંચા વ્યાજે પૈસા ઉધાર લેવા પડતા હતા. પરંતુ પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના હેઠળ તેમને તબક્કાવાર 10 હજાર, 20 હજાર અને 50 હજાર સુધીની લોન મળી, જેના કારણે ધંધાને મજબૂતી મળી અને આવકમાં વધારો થયો.

(BYTE: TULSIRAM LOHAR, BENEFICIARY)

# SURENDRANAGAR-MODHVADIYA

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ ખાતેથી વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયાએ વઢવાણ સિટી બર્ડ એટલાસ પ્રોગ્રામનો શુભારંભ કરાવ્યો. આ તકે 'જામનગર બર્ડ એટલાસ'ની જાહેરાત કરવામાં આવી. તેમજ 'A CHECKLIST OF BIRDS AT WADHWAN CITY' નામની પુસ્તિકાનું વિમોચન કરાયું. આ પ્રસંગે શ્રી મોઢવાડિયાએ જણાવ્યું હતું કે વન્ય જીવો માટે બચેલા વિસ્તારોનું રક્ષણ કરવું એ આપણી પ્રાથમિકતા હોવી જોઈએ. તેમણે ઉમેર્યું કે વર્ષ 2030 સુધીમાં 500 ગીગાવોટ રિન્યુએબલ એનર્જી ઉત્પન્ન કરી વીજળીની 50% જરૂરિયાત આ ગ્રીન એનર્જી ક્ષેત્રમાંથી પૂરી કરવાનું લક્ષ્ય છે.

# WEATHER FC

ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લામાં આજે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાતના વલસાડ, તાપી, દમણ અને દાદરા નગર હવેલીમાં  પણ વરસાદની શક્યતા છે. જોકે આગામી 7 દિવસ દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં મહત્તમ તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.

**(BYTE: DR. A.K. DAS, DIRECTOR)**

# FALAK VASAVA

હોંગકોંગમાં યોજાયેલી એશિયન ચેમ્પિયનશીપમાં રાજપીપળાની ફલક વસાવાએ પાંચમું સ્થાન મેળવ્યું. મે 2026 દરમિયાન યોજાયેલી બીજી ટ્રેમ્પોલીન જીમ્નાસ્ટિક એશિયન ચેમ્પિયનશીપમાં ફલકે જુનિયર એજ ગ્રુપની વ્યક્તિગત મહિલા કેટેગરીમાં ભાગ લઈને સમગ્ર એશિયામાં પાંચમું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ફલક વસાવાએ જણાવ્યું હતું કે, હવે તેનું આગામી લક્ષ્ય 2030માં ભારતમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સમાં દેશ માટે ચંદ્રક જીતવાનું છે.

**(BYTE: FALAK VASAVA)**

# STATE TABLE TENNIS

પ્રથમ ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ 2026 આજથી અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્સ, નારણપુરા ખાતે શરૂ થઈ છે. આજે મેન્સ અને અંડર-19 બોયઝ ક્વોલિફાઇંગ રાઉન્ડ સાથે મુકાબલાનો પ્રારંભ થયો હતો. મેન્સ ક્વોલિફાઈંગ રાઉન્ડમાં હિમાંશ દહિયા, હર્ષવર્ધન પટેલ, ધ્યેય જાની, દેવ ભટ્ટ, હાર્દિક સોલંકી, માલવ પંચાલ જીત્યા છે. જ્યારે અંડર-19 બોયઝ ક્વોલિફાઇંગ રાઉન્ડમાં આરવ સિંઘવી, દિવ્યા ભાવસાર, વંદન સુતરીયા, અંશ ખમાર અને જય મુંદાદાએ જીત મેળવી છે.